# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/403 Dt. 16/04/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ધો. ૧૦ અને ૧૨ પછી શું?, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના નિષ્ણાત ફેકલ્ટી દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું

### વિદ્યાર્થીઓએ નવી ટેકનોલોજી સાથે અપડેટ રહેવું જરૂરી છે અને જીવનભર શીખવાની માનસિકતા જ સફળ કારકિર્દી માટેનો મુખ્ય મંત્ર છે : પ્રોફેસરો

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વિદ્યાર્થીઓને કારકિર્દી અંગે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુસર કારકિર્દી માર્ગદર્શન મહોત્સવનું આયોજન કરાયું છે. આ મહોત્સવ અંતર્ગત મંગળવાર, તા. ૧૪ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં સાર્વજનિક યુનિવર્સિટીના પ્રોફેસરો ડો. પૂર્વી કોઠારી, શ્રી વિશાલ મશરૂવાલા, ડો. નિતિન પટેલ, શ્રી સુમિત ધામણી, ડો. નેહલ શાહ અને ડો. મનિષા વર્મા દ્વારા વિદ્યાર્થીઓને ધોરણ ૧૦ અને ૧૨ પછી ઉપલબ્ધ વિવિધ કારકિર્દી વિકલ્પો, અભ્યાસક્રમો અને ભવિષ્યની તકો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

પ્રોફેસરોએ જણાવ્યું હતું કે, ધોરણ ૧૦ અને ૧૨ પછીનો સમય વિદ્યાર્થીઓ માટે મહત્વપૂર્ણ નિર્ણય લેવાનો સમય હોય છે. આ સમયે યોગ્ય માહિતીના અભાવે ઘણીવાર વિદ્યાર્થીઓ ખોટી દિશામાં જઈ શકે છે, તેથી માતા–પિતા અને શિક્ષકોના માર્ગદર્શન સાથે યોગ્ય કાઉન્સેલિંગ લેવું ખૂબ જરૂરી છે. વિદ્યાર્થીઓએ પોતાના ગોલ સ્પષ્ટ રાખીને સતત મહેનત અને કૌશલ્ય વિકાસ પર ભાર આપવો જોઈએ.

વિદ્યાર્થીઓએ વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નવા અને ઉદયમાન ક્ષેત્રો તરફ પણ ધ્યાન આપવું જરૂરી છે. ઇન્ફોર્મેશન ટેકનોલોજી, ડિજિટલ મિડિયા, ડેટા એનાલિટિક્સ, મેનેજમેન્ટ અને ક્રિએટિવ ક્ષેત્રોમાં અનેક નવી તકો ઉપલબ્ધ થઈ રહી છે, જેના માટે યોગ્ય માર્ગદર્શન અને આયોજન ખૂબ જ આવશ્યક છે.

પ્રોફેસરોએ વિદ્યાર્થીઓને સંદેશ આપ્યો હતો કે, કોઈપણ ક્ષેત્રમાં સફળતા મેળવવા માટે માત્ર ડિગ્રી પૂરતી નથી, પરંતુ કોમ્યુનિકેશન સ્કિલ્સ, પ્રોબ્લેમ સોલ્વિંગ એબિલિટી અને પ્રેક્ટિકલ નોલેજ પણ એટલું જ મહત્વ ધરાવે છે. વિદ્યાર્થીઓએ નવી ટેકનોલોજી સાથે અપડેટ રહેવું જરૂરી છે અને જીવનભર શીખવાની માનસિકતા જ સફળ કારકિર્દી માટેનો મુખ્ય મંત્ર છે.

ચેમ્બર ઓફ કોમર્સના એજ્યુકેશન એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન શ્રી મહેશ પમનાણીએ સ્વાગત સંબોધન કરી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ માટે પ્રશ્નોતરી સત્રનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ પોતાના પ્રશ્નો પૂછીને યોગ્ય માર્ગદર્શન મેળવ્યું હતું.